**Shikshan Sanshodhan : Journal of Arts, Humanities and Social Sciences** ISSN(o): 2581-6241
Monthly, Peer-Reviewed, Refereed, Indexed Journal Impact Factor: 7.384
Volume - 8, Issue - 4, April - 2025

DOIs:10.2018/SS/202504018 --:-- Research Paper / Article / Review

# લોકસાહિત્યની લાક્ષણિકતા

**ડૉ. રવિકુમાર આર. વસાવા**
**આસિસ્ટન્ટ પ્રોફેસર, બી વી ડી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, બાપુનગર, અમદાવાદ**
Email - ravikumarvasava@gmail.com

**સારાંશ (Abstract):** લોકસાહિત્ય એ એક એવું સાહિત્ય છે જે સમાજના સામાન્ય લોકો દ્વારા સર્જાય છે, લોકસાહિત્ય એ લોકજીવનનું જીવંત પ્રતિબિંબ છે, જે મૌખિક પરંપરાગત રીતે પેઢી દર પેઢી વહેતું રહ્યું છે.લોકસાહિત્યનો કોય ચોક્કસ રચનાકાર-લેખક હોતો નથી, પણ સમાજ સમૂહથી બનેલું આ સાહિત્ય છે. એમ કહી શકાય કે સમગ્ર સમાજ એનો સર્જક હોય છે. તે વારસાગત રૂપે લોકોના જીવનમાં પ્રવાહિત થાય છે.એટલુંજ નહીં એમાં આખા સમુદાયનો અનુભવ, જ્ઞાન અને સંવેદનાઓનો સમાવેશ થાય છે .લોકસાહિત્યમાં લોકજીવન તેની સંસ્કૃતિ, માન્યતાઓ, પરંપરા અને જીવનમૂલ્યો ઉજાગર થાય છે.આ સાહિત્ય સામાન્ય લોકોની બોલચાલની ભાષામાં હોય છે. જે લોકપ્રયોગો, સંસ્કારગીતો, દુહા, લોકકથાઓ, પહેલીઓ, કહેવતો વગેરે જેવા ભિન્ન ભિન્ન સ્વરૂપે રજૂ થતાં જોવા મળે છે. લોકસાહિત્યમાં લોકસંસ્કૃતિ, નૈતિક મૂલ્યો, આધ્યાત્મિક વિચારધારા અને માનવીય લાગણીઓ રજૂ થયેલી જોવા મળે છે. આ સાહિત્ય જીવન જીવવાની દૃષ્ટિ આપે છે લોકસાહિત્ય એ લોકજીવનનો આત્મા સમાન સાહિત્ય છે. જે મૌખિક પરંપરાથી પેઢી થી પેઢી સુધી વહેતું રહે છે. તેનું મૂળ લોકોના અનુભવમાં રહેલું છે અને એમાંથી ઉપજતું સાહિત્ય એ લોકોના આનંદ, દુઃખ, સંઘર્ષ, શ્રદ્ધા અને સંસ્કૃતિનું પ્રતિક છે. લોકસાહિત્યની સૌથી મહત્વની લાક્ષણિકતા એ છે કે તે મૌખિક પરંપરા દ્વારા જતન પામે છે. એમાં ગીતો, વાર્તાઓ, કથાઓ, પહેલી, દુહા, સંસ્કારગીતો અને કહેવતો જેવા જુદા જુદા સ્વરૂપો જોવા મળે છે. આ સાહિત્યના કોઇ લેખક ન હોવાને લીધે સમય સાથે તેમાં ફેરફાર થતા રહે છે, તેથી તે જીવન્ત અને ગતિશીલ સ્વરૂપ છે. લોકસાહિત્યની ભાષા સરળ, લોકભાષા પર આધારિત છે જે સાંભળવામાં રોચક હોય છે. તેમાં સંગીતમયતા અને લય હોય છે, જેના કારણે એ યાદ રાખવામાં ખૂબ પણ સરળ છે. લોકગીતો, ગરબા, રાસગીતો, ભજન વગેરેમાં આ લયબદ્ધતા અને સંગીતમયતાના દર્શન આપણને થાય છે.આ સાહિત્યમાં પ્રકૃતિપ્રેમ, ધાર્મિક શ્રદ્ધા, સંસ્કૃતિનું પ્રતિબિંબ, અને નૈતિક મૂલ્યો વ્યાપકપણે વ્યક્ત જોવા મળે છે. લોકોના ધાર્મિક, સામાજિક અને સાંસ્કૃતિક જીવનના દરેક તબક્કાને લોકસાહિત્ય સ્પર્શે છે. લગ્ન, જન્મ, મૃત્યુ જેવા જીવનના મહત્વના સંસ્કારો, ઉત્સવો, ઋતુઓ અને દૈનિક જીવનની ઘટનાઓ આ સાહિત્યમાં રજૂ થાય છે લોકસાહિત્યમાં પ્રતીકો, રૂપકો, અને ચિત્રાત્મક ભાષાનો પણ ઉપયોગ થતો હોય છે. ઉદાહરણરૂપે જોઇએ તો મોર, મેઘ, હંસ વગેરે પ્રતીકરૂપે ભાવના વ્યક્ત કરવા માટે વપરાય છે. એમાં રહેલા પાત્રો અને ઘટના પ્રત્યક્ષ કરતાં પણ અનેકવાર પરોક્ષ રીતે જીવનના સિદ્ધાંતો શિખવે છે.આ સાહિત્યમાં સામૂહિક ચેતના વ્યક્ત થાય છે. તે વ્યક્તિગત અનુભવો નહિ પણ સમુદાયના મૌલિક અનુભવોને આધારે રચાય છે. આથી તે સાહિત્યમાં લોકોના દૈનિક જીવન, રીતિ અને રિવાજોનું પ્રતિબિંબ જોવા મળે છે.લોકસાહિત્ય એ જનસામાન્યના જીવનનું દર્પણ છે, સંગીતમય પણ છે અને જીવનમૂલ્યોથી ભરપૂર પણ છે. તેના જતન અને સંવર્ધન દ્વારા આપણે આપણા સંસ્કૃતિના મૂળને જીવંત રાખી શકીએ છીએ. આ સંશોધન પેપરના માધ્યમથી, આપણે લોક સાહિત્યની મહત્વપૂર્ણ લાક્ષણિકતાઓને સમજવાનો પ્રયાસ કર્યો છે. આ અભ્યાસથી, આપણે આપણા સંસ્કૃતિ અને પરંપરાઓને વધુ સારી રીતે સમજવા અને સાચવવા માટે માર્ગદર્શન પ્રાપ્ત થશે.

**મહત્વના શબ્દો (Keywords):** લોકસાહિત્ય, લોકગીત, લોકપ્રિયતા, સામૂહિક સર્જન, પરંપરા, સામાજિક પ્રતિબિંબ, મૌખિક પરંપરા, લોકપ્રિયતા, સામૂહિક ચેતના, લય અને સંગીત, સાદી અને સરળ લોકભાષા, નૈતિકતા અને આધ્યાત્મિકતા, પ્રતીકાત્મકતા, લોકગીતો, લોકકથાઓ, દુહા, પહેલીઓ, કહેવતો, પ્રકૃતિપ્રેમ, સમાજના જીવનમૂલ્યો, સમયને અનુરૂપ વિકાસ, જીવનનું સાહિત્ય વિચારધાર, મૌખિક પરંપરા, સંસ્કૃતિ, જ્ઞાન, ભાવનાઓ, સમાજ.

**1. પ્રસ્તાવના**:

મનુષ્યને બુદ્ધિ પ્રાપ્ત થઇ ત્યારથી એ કોઇને કોઇ રીતે કોઇને કોઇ હેતુ માટે સાહિત્યસર્જન કરતો રહ્યો છે. લોકસાહિત્ય રચવની એની પ્રવૃત્તિ પાછળ વત્તાઓછા પ્રમાણમાં વસ્તુ, વિચાર કે કોઇ ઘટનાને વ્યવહારજ્ઞાનની ભૂમિકાએ વધુ વિશદતાથી અને વેધકતાથી પામવા-પમાડવાની એની ઈચ્છા કામ કરી રહી છે. આપણા ત્યાં લોકસાહિત્ય લિખિતરૂપે અવતર્યું અને સ્થિર થઇ લોકસ્વીકૃતિ પામ્યું તે પહેલાં લોકહૈયે લોકપ્રિય થઇ ચૂક્યું હતું. ભારતીય લોકસાહિત્યક્ષેત્રે સૌ પ્રથમ સ્પૃહણીય અભ્યાસ કરનાર આર્ચર કિનકેઇડ અને ફાધર વેરિયર એલ્વિન જેવા પશ્ચિમી વિદ્વાનોએ એટલો રસપૂર્વક અને ઉત્તમ રીતે કર્યો કે ભારતીય લોકસાહિત્ય એ વિદ્વાનોની મૂલ્યવત્તા ક્યારે વિસરી શકે તેમ નથી. પ્રા. બુન્વાંદના મતાનુસાર લોકસાહિત્ય એ શાબ્દિક લોકવિધાનો મુખ્ય પ્રકાર છે. બોલાતી વાણી એ લોકસાહિત્યના પ્રસારનું માધ્યમ છે. જેમ નાટક, નવલકથા, નવલિકા, કવિતા જેવાં સ્વરૂપોને પોતપોતાની રીતે આગવી લાક્ષણિકતા છે તેમ લોકસાહિત્યને પણ પોતાની આગવી લાક્ષણિકતા રહેલી છે, લોકોના જીવનમાં ઊંડું વેરેલું લોકસાહિત્ય કેવું હોય છે અને એની મુખ્ય લાક્ષણિકતાઓ શું છે તે સમજીએ.લોકસાહિત્યની કેટલીક મહત્વપૂર્ણ લાક્ષણિકતાઓ નીચે મુજબ તારવી શકાઈ

**1.1.કંઠસ્થપણું - મૌખિક પરંપરા: (Oral Tradition**

લોકસાહિત્ય મૂળભૂત રીતે મૌખિક રજૂઆતની કલા રૂપે અવતર્યું અને સુસ્થિર થયું છે. તેથી એની એક મહત્ત્વની લાક્ષણિકતારૂપે કંઠસ્થપણું ગણાવી શકાય. જે સમયે બહુજન સમુદાય અક્ષરજ્ઞાનથી અજ્ઞાન હતો, તે સમયે કલાઓ, લોકગીત, કથા, વાર્તા લોકજીભે-લોકકંઠે રમતાં-ગવાતાં હતાં. એ કાળે હૈયે ઉદ્દભવેલી સાહજિક સંવેદના યથાપ્રસંગ તતક્ષણ ગાઇને અભિવ્યક્ત થતી હતી અને તે પેઢી-દર-પેઢી કંઠોપકંઠ સચવાતા અને ગવાતા હતાં. અને પરિણામે જ આ સાહિત્યને "હૈયે માંડેલું" સાહિત્ય પણ કહેવામાં આવે છે. આ સાહિત્ય અલિખિત કે મૌખિક સ્વરૂપમાં વહેતું કળાસ્વરૂપ છે. આમ, કંઠોપકંઠરૂપે જીવંત રહીને સદીઓ પર્યંત ટકી રહેવું એ આ સાહિત્યની મહત્ત્વપૂર્ણ લાક્ષણિકતા છે. લોકસાહિત્યનું સૌથી મોટું લક્ષણ એ છે કે તે લેખિત ન હોય. લોકો ગીતો, વાર્તાઓ, લોકકથાઓ, દુહા, રિદ્ધિ-સિદ્ધિ વગેરેને બોલી અને સાંભળીના આધારે પેઢીદરપેઢી આગળ વધારતા આવે છે. લખાણના અભાવ છતાં, લોકોએ તેનું જતન કર્યું છે.

**1.2.વારસાગતપણું અથવા પરંપરાગત સાહિત્ય :**

લોકસાહિત્યને દીર્ઘકાળ પર્યંત જીવંત રીતે સાચવી-ટકાવી રાખનારી એક મહત્ત્વની લાક્ષણિકતારૂપે વારસાગતપણાને અવશ્ય મૂકી શકાય. માનવીને અટક અને વ્યવસાય જેમ વારસામાં મળે છે તેમ લોકસાહિત્ય પણ વારસાગત મળે છે. માતાએ એની દીકરીને હાલરડાંથી માંડીને મરશિયાનો બહુમૂલ્ય વારસો આપ્યો, તો દીકરીએ એની આગલી પેઢીને યથાશક્ય એ વારસો અર્પણ કર્યો. દાદા-દાદી પાસેથી કથાવાર્તાનો વારસો પુત્ર-પૌત્ર કે પુત્ર-પૌત્રીરૂપે ઉત્તરોત્તર આગલી પેઢી સુધી પહોંચ્યો. ઈંગ્લેન્ડમાં તો 18મી સદી આસપાસ માતા તરફથી દીકરીઓને વારસારૂપે Ballad (કથાગીત) શીખવવામાં આવતાં હતાં. કારણ કે, કથાગીત જાણનારી કન્યાની પુત્રવધૂ તરીકે પ્રથમ પસંદગી થતી. બાપ કથક હોય તો તેની કથનશૈલી, સામગ્રી પુત્રને વારસામાં આપી જાય છે. આમ, લોકસાહિત્યનાં પાલન-પોષણ સંસ્કરણમાં વારસાપણાની લાક્ષણિકતાનો બહુ મહત્ત્વપૂર્ણ ફાળો રહ્યો હોવાનું જણાય છે. લોક સાહિત્ય પરંપરાઓ અને સંસ્કૃતિને પ્રતિબિંબિત કરે છે. તે સમાજના મૂલ્યો, માન્યતાઓ અને જીવનશૈલીને દર્શાવે છે. લોક સાહિત્યમાં ભૂતકાળની ઘટનાઓ અને અનુભવોને વર્ણવવામાં આવે છે, જે સમાજના ઇતિહાસ અને પરંપરાને જીવંત રાખે

**1.3.તરતું-વહેતું કળાસ્વરૂપ :**

લોકસાહિત્યનું બીજું લક્ષણ તરતું-વહેતું કળાસ્વરૂપ છે. એના રિહર્સલ કરવા પડતા નથી. એ તરતું રહે છે. તાલ સાથે ઠેકા અમુક પ્રકારના જ આવે એવી સૂચના આપવાની જરૂર પડતી નથી. એ આપમેળ જ ઝિલાય, જળવાય અને મુખપાઠમાં

કંઠસ્થ પણ થઇ જાય છે. આજે પણ આપણે ગામડામાં ક્યાંય લોકસાહિત્યનાં રિહર્સલ, સ્મરણમાં રાખવાની માથાકૂટમાં રત લોકોને જોતા નથી. આપબળે, આપમેળે એમાં કોઠાસૂઝથી પ્રસંગોચિત તળપદું શબ્દરૂપ ભળે છે અને કંઠસ્થ પણ રહી જાય છે. આમ, લોકસાહિત્ય એ એક વ્યક્તિથી બીજી વ્યક્તિ, એક ગામથી બીજે ગામ અને એક પેઢીથી બીજી પેઢી તરતું-વહેતું કળાસ્વરૂપ છે.

### 1.4.અજ્ઞાત કર્તૃત્વ- સામૂહિક સર્જન:

અજ્ઞાતપણું (Anonymous) એ લોકસાહિત્યનું મૂળભૂત લક્ષણ છે. લોકસાહિત્યનો રચયિતા તો કોઈક તો હોય જ પણ તે અજ્ઞાત રહે છે. અર્થાત્ આ અનામ સરજત છે. એટલું જ નહીં એ મઝિયારી મૂડી બની જાય છે. એનો ખરો સર્જક, સમર્થક, સંવર્ધક અને રક્ષક સર્વ જનસમાજ છે. આ સાહિત્યમાં જ્ઞાતિએ-જ્ઞાતિએ, જાતિએ-જાતિએ, પ્રદેશે-પ્રદેશે, કાટ-છાંટ થતી રહે છે અને કંઠોપકંઠ વારસાગત રીતે જળવાતું રહે છે. સમય સાથે-સાથે એ અવનવા રૂપ ધારણ કરતું રહે છે. આ અજ્ઞાત કર્તૃત્વના લીધે જ એને 'સાંઘિક સાહિત્ય' કે 'સંઘસાહિત્ય' તરીકે ઓળખાયું હોય એમ લાગે છે. જે-તે સમાજ એને પોતીકી મૂડીરૂપે જતન કરે છે અને સંઘરે છે. કોઇ એક વ્યક્તિએ લોકસાહિત્યની કૃતિ રચી હોય એવું હંમેશા બનતું નથી. એક-એક સ્ત્રીના કંઠમાંથી એક-એક પંક્તિ નીકળે અને આખું લોકગીત તૈયાર થતું હોય છે અને એના કારણે જ ક્યારેય કર્તૃત્વનો કોયડો કે વિવાદ ઉપસ્થિત થયો નથી. આમ અજ્ઞાત કર્તૃત્વપણું એ મૂળભૂત લક્ષણ ગણાયું છે.લોક સાહિત્ય સામાન્ય જનતાના દ્વારા રચિત અને સ્વીકાર્ય હોય છે. આમાં કોઇ વિશિષ્ટ લેખકની ઓળખ ન હોય; તે સામૂહિક રીતે પેઢીદર પેઢી પ્રસારિત થાય છે. લોક સાહિત્ય મૌખિક પરંપરામાં વધુ પ્રચલિત છે, પરંતુ સમય સાથે લખિત સ્વરૂપમાં પણ ઉપલબ્ધ છે

### 1.5.સામાજિક પ્રતિબિંબ:

લોકસાહિત્ય સમાજના વિવિધ પાસાંઓને પ્રતિબિંબિત કરતું સ્વરૂપ છે, જેમ કે પ્રેમ, દુઃખ, આનંદ, દુશ્મનાવટ, ન્યાય જેવા માનવ ભાવનાઓ, સામાજિક સમસ્યાઓ અને જીવનના સત્યને સહજ રીતે પ્રસ્તુત કરવામાં આવે છે.

### 1.6.પ્રકૃતિપ્રેમ:

લોકસાહિત્યમાં કુદરત પ્રત્યે અનન્ય પ્રેમ જોવા મળે છે. વરસાદ, પવન, વૃક્ષો, નદીઓ, ઋતુઓ, પક્ષીઓ વગેરેને વિષયો બનાવી અનેકા અનેક ગીતો રચાય છે. લોકસાહિત્ય કુદરતી તત્વો સાથે માનવજીવનના સંબંધને ખૂબ સરળતાથી રજૂ કરે છે.

### 1.7. વૈવિધ્યતા:

લોકસાહિત્ય વિવિધ પ્રકારના સ્વરૂપોમાં રચાયેલું જોવા મળે છે, જેમ કે કાવ્ય, ગીત, વાર્તા, લોકગાથાઓ અને લોકગીતો. અહી વિવિધ વિષયો અને શૈલીઓનો ઉપયોગ કરી સાહિત્યની રચના થાય છે, જે તેને વૈવિધ્યપૂર્ણ બનાવે છે.

### 1.8. સરળતા:

લોકસાહિત્ય સરળ ભાષામાં હોય છે. જેથી સામાન્ય જનતાને તે સરળતાથી સમજાય. લોકસાહિત્યની ભાષા પ્રાસાધારિત હોય છે અને અવલોકનના માધ્યમથી કથા વહેતી રહે છે. લોકસાહિત્ય લોકોને સરળતાથી આકર્ષે છે કારણ કે તે લોકોને સંગીત, કાવ્યો, નાટ્ય, રમૂજ અને સંદેશ સાથે જોડે છે. લોક સાહિત્યની ભાષા સરળ અને સ્પષ્ટ હોય છે, જેથી સામાન્ય લોકો તેને સરળતાથી સમજી શકે. આમાં કાવ્યશૈલી, અલંકાર અને રૂપકનો પણ ઉપયોગ કરવામાં આવે છે, સરળતા એ લોકસાહિત્ય ની મહત્વની લાક્ષણિકતા છે.

**1.9.લોકપ્રિયતા**:

લોકસાહિત્ય સામાન્ય જનતાથી સ્વીકાર્ય અને પ્રશંસિત હોય છે. જે લોકોના હૃદયમાં સ્થાન પામે છે અને લાંબા સમય સુધી જીવંત રહે છે. લોક સાહિત્યમાં સામૂહિક યાદો અને અનુભવોને સહજ રીતે વ્યક્ત કરવામાં આવે છે, જે તેને લોકપ્રિય બનાવે છે.

**1.10.પરિવર્તનશીલતા**:

લોકસાહિત્ય સમય સાથે બદલાય છે અને નવા સમયની જરૂરિયાતોને અનુરૂપ નવું સ્વરૂપ ધારણ કરે છે. આ સાહિત્ય નવી પેઢી સુધી પહોંચવા માટે નવી શૈલીઓ અને સ્વરૂપોમાં વિકસિત થાય છે લોક સાહિત્ય એ માનવ સંસ્કૃતિના પ્રાચીન અને મહત્વપૂર્ણ અંગોમાંનું એક છે, જે લોકોના જીવન, સંસ્કૃતિ અને પરંપરાઓનું પ્રતિબિંબ છે. આ સાહિત્ય મૌખિક પરંપરામાં પેઢીદર પેઢી પ્રસારિત થાય છે અને સમાજના વિવિધ પાસાંઓને રજૂ કરે છે. લોક સાહિત્યની લાક્ષણિકતાઓને સમજવા માટે, તેના વિવિધ પાસાંઓનું વિશ્લેષણ કરવું પણ ખૂબ જરૂરી છે.

**1.11.સામૂહિક ચેતનાનું પ્રતિબિંબ**:

લોકસાહિત્ય વ્યક્તિગત ભાવનાઓ કરતા સામૂહિક અનુભવ, દુઃખ-સુખ, સંઘર્ષ, લોકજીવનના પર્વો, ધર્મ, ઋતુઓ, ઉત્સવો અને પરંપરાનું પ્રતિબિંબ છે. લોકોની જીવનશૈલી, શ્રધ્ધા અને માન્યતાઓનું સાચું દર્શન અહીં રજૂ થાય છે.

**1.12.લયબધ્ધતા-ગેયતા અને સંગીતમયતા**:

લોકસાહિત્યમાં રાગ, ઢાળ અને લય મહત્વના તત્વો છે. ખાસ કરીને લોકગીતો અને દુહાઓમાં સંગીતમયતા જોવા મળે છે. આ લયભર્યું રૂપ લોકસાહિત્યને યાદ રાખવામાં સહાયરૂપ બને છે. લોકોના ઉત્સવો, લગ્ન પ્રસંગો કે ઋતુઓ સાથે સંકળાયેલા ગીતો રાગભીની રીતે ગવાતા હોય છે.

**1.13.સ્થાનિયતા અને ભાષાનું લોકરૂપ**:

લોકસાહિત્ય સામાન્ય લોકોની બોલચાલની ભાષામાં હોય છે. તે ગ્રામીણ ભાષા, બોલીઓ, કહેવતો અને લોકપ્રચલિત શબ્દો વડે રચાયેલું હોય છે. આથી તે પાટી પર લખાયેલી ભાષા કરતાં લોકહૃદયની નજીક રહે છે.

**1.14.માનવીય ભાવનાઓનું પ્રતિબિંબ**:

લોકસાહિત્યમાં સુખ, પ્રેમ, દુઃખ, વિયોગ, આનંદ, વીરતા, ભક્તિ વગેરે ભાવનાઓ ઉત્કૃષ્ટ રીતે વ્યક્ત થાય છે. આથી તે સાહિત્ય કોઈપણ સમાજના હૃદયમાં સરળતાથી પ્રવેશી શકે છે.લોકસાહિત્ય સમાજના વિવિધ વર્ગો અને સમુદાયોને એકત્રિત કરી સામાજિક અને સાંસ્કૃતિક એકતાને પ્રોત્સાહિત કરે છે અને લોકો વચ્ચે સહયોગ અને સમાનતા વધારવામાં મદદ કરે છે.

**2. ઉપસંહાર** :

લોકસાહિત્ય એ લોકજીવનનો અવાજ છે. આ સાહિત્ય કોઇ ચોક્કસ લેખક દ્વારા નહીં પણ સમુહ દ્વારા સર્જાય છે અને પેઢી દર પેઢી નાના –મોટા ફેરફારો સાથે મૌખિક પરંપરાથી વહેતું રહે છે,આ સાહિત્ય લોકજીવનના સંવેદનો, સંસ્કૃતિ, પરંપરા, જીવનમૂલ્યો અને સામાજિક વર્તનનું પ્રતિબિંબ હોય છે. લોકસાહિત્ય એ લોકોની સંસ્કૃતિ, પરંપરા અને જીવનશૈલીનો અરીસો છે. લોકસાહિત્ય માત્ર મનોરંજન પૂરતું નથી પણ લોકોના જીવનને પ્રેરણા આપે છે અને જીવન જીવવાની રીત શિખવે છે તથા સમાજને જોડે છે. એમ કહી શકાઇ કે લોકસાહિત્ય એ સમાજનો આત્મા છે. એમાં જીવન જીવવાની રીત,

સંબંધોની નમ્રતા, સંસ્કૃતિનું ઊંડાણ અને લોકપ્રેમ છલકાતો જોવા મળે છે.સાહિત્ય એટલે માત્ર કાગળ પર લખાયેલું ન હોય, જીવંત લોકસંસ્કૃતિમાં વહેતું લોકસાહિત્ય પણ એટલું જ મહત્ત્વ ધરાવે છે.લોકસાહિત્ય જળવાય તે માટે તેની સંભાળ રાખવી, ભંડારને સંગ્રહિત કરવો અને આધુનિક યંત્રોના સહારે તેને આગામી પેઢી સુધી પહોંચાડવો એ આજની આવશ્યકતા છે.

**સંદર્ભસૂચિ :**

1. ‘ગુજરાતી વિશ્વકોશ’ ખંડ-19, પૃષ્ઠ-139
2. ‘લોકસાહિત્યચર્ચા’, લે.ડૉ. રમણભાઈ પી. પટેલ, પૃ.2
3. ‘લોકસાહિત્યચર્ચા’, લે.ડૉ. રમણભાઈ પી. પટેલ, પૃ.3
4. લોકસાહિત્યવિમર્શ, લે. જયમલ્લ પરમાર, પૃ.21
5. પરબ, અંક-4, એપ્રિલ-2003, પૃ.42, 43
6. લોકસાહિત્યવિમર્શ, લે. જયમલ્લ પરમાર, પૃ.22
7. લોકસાહિત્યનું સમાલોચન, લે. ઝવેરચંદ મેઘાણી, પૃ.62
8. શૈલી અને સ્વરૂપ, લે. ઉમાશંકર જોશી, પૃ.126
9. શબ્દસૃષ્ટિ, એપ્રિલ-1998, પૃ.25
10. લોકસાહિત્યવિમર્શ, લે. જયમલ્લ પરમાર, પૃ.21
11. લોકગૂર્જરી અંક-17, સં. બળવંત જાની, પૃ.181
12. ગુજરાતી વિશ્વકોશ, ખંડ-19
13. The New Encyclopedia Britanica, Vol.4, Page-861
14. મેઘાણી અને લોકસાહિત્ય, લે.ડૉ. નલિન દેસાઈ, પૃ.35
15. ગુજરાતની લોકસંસ્કૃતિ, લે. હસુતાબેન સેદાણી, પૃ.95
16. મેઘાણી અને લોકસાહિત્ય, લે.ડૉ. નલિન દેસાઈ, પૃ.36
17. લોકસાહિત્યવ બોધ, લે. રમેશ ગાનાકર, પૃ.67
18. રાજસ્થાની સાહિત્યનો ઇતિહાસ, લે. પુરુષોત્તમ મનોરિયા, પૃ.148
19. લોકસાહિત્યવિમર્શ, લે. જયમલ્લ પરમાર, પૃ.33
20. ગુજરાતની લોકસંસ્કૃતિ, લે. હસુતાબેન સેદાણી, પૃ.97
21. લોકસાહિત્યવિમર્શ, લે. જયમલ્લ પરમાર, પૃ.47
22. લોકવાડ્મય : સ્વરૂપ સંદર્ભ, લે.ડૉ. રાજેશ મકવાણા, પૃ.36
23. ચંપાની કળીઓમાં કસ્તુરી, લે. અમૃત પટેલ, પૃ.35